મહત્તમ : ૩૯.૦ ડીગ્રી
લઘુતમ : ૨૮.૪ ડીગ્રી
ભેજ
સવારે ૭૫ ટકા ● સાંજે ૪૫ ટકા
ગાંધીનગર તાપમાન

પહેલાં જુના સચિવાલયમાં કચરો ઉલેચીને પર્યાવરણ દિવસ ઉજવો..!!

બ્લોક નં.૧૮ પાસે કચરાના ઢગમાં પેકિંગમાંથી નિકળેલાં થર્મોકોલનો પણ મોટો ખડકલો કરાયો : પર્યાવરણ અને જાહેર આરોગ્ય માટે પણ જોખમી

ગાંધીનગર, તા. ૦૨

એક તરફ સમગ્ર સરકારી તંત્ર આગામી તા.૫મી જુને વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણીની તૈયારીઓમાં લાગ્યું છે અને આ દિવસે મોટી સંખ્યામાં ઠેર ઠેર વૃક્ષારોપણના કાર્યક્રમો સહિત સ્વચ્છતા અભિયાન વગેરેનું આયોજન પણ કરાશે. જોકે આ બધી એક દિવસની ઝાકમઝોળ વચ્ચે વાસ્તવિકતા કંઈક જુદી જ જોવા મળે છે. પાટનગરના જુના સચિવાલય ડો.જીવરાજ મેહતા ભવન સંકુલ ખાતે બ્લોક નં.૧૯ની પાછળ બ્લોક નં.૧૮ની બાજુમાં પાર્કિંગ સ્પેસ ખાતે જુઓ તો કચરાના મસમોટા ઢગ ખડકાયેલા જોવા મળી રહ્યાં છે. આ કચરાના ઢગમાં જુના સચિવાલય કચેરીઓમાં ખરીદવામાં આવેલા કોઈ સાધનોના પેકિંગમાંથી નિકળેલાં થર્મોકોલનો પણ મોટો ખડકલો કરાયો છે જેનો આ રીતે નિકાલ પર્યાવરણ અને જાહેર આરોગ્ય માટે પણ જોખમી ગણાય છે. ગાંધીનગર ખાતેના જુના સચિવાલય સંકુલમાં છાશવારે ગંદકી અને કચરાના ઢગના સમાચાર વર્તમાનપત્રોમાં છપાતાં રહે છે. ફરી એકવાર જુના સચિવાલય સંકુલના બ્લોક નં.૧૮ સામે કચરાના થર જોવા મળી રહ્યાં છે. આ વખતે આ કચરાના ઢગમાં પેકિંગમાં વપરાતાં થર્મોકોલનો મોટો જથ્થો જોવા મળી રહ્યો છે જે તદ્દન નવો જ જણાય છે. તેનો મતલબ સાફ છે કે આ થર્મોકોલ જુના સચિવાલયના નજીકના જ કોઈ બ્લોકમાં તાજેતરમાં જ લાવવામાં આવેલા કોઈ નવા સાધનો કે ઉપકરણોના પેકિંગમાંથી કાઢીને અત્રે નાંખવામાં આવ્યાં છે. થર્મોકોલના પેકિંગનો આ રીતે જાહેરમાં ફેંકીને નિકાલ કરવો પર્યાવરણ અને જાહેર આરોગ્ય માટે પણ જોખમી ગણાય છે કેમકે આગામી ચોમાસાની ઋતુમાં તેમાં વરસાદનું પાણી ભરાઈ રહેશે ત્યારે રોગજન્ય માખી-મચ્છર વગેરેનું ઉત્પત્તિનું તે સ્થાન બનશે. અત્યારે તો થર્મોકોલના આ ટુકડાં પવનથી જ્યાં ઉડીને સંકુલમાં ફેલાઈ પણ રહ્યાં છે. વિશ્વ પર્યાવરણ દિવસની જો સાચી ઉજવણી કરવી હોય તો જુના સચિવાલયના કર્મચારીઓએ મળીને સમગ્ર સંકુલમાં સ્વચ્છતા અભિયાન ચલાવવું જોઈએ અને ફરી સંકુલમાં ક્યાંય કચરાના ઢગ ના ખડકાય તે ધ્યાને રાખવું જરૂરી બનશે.

જન્મદિને વધામણી

છત્રસિંહ નરેન્દ્રસિંહ ચૌહાણ

નયનાબેન પી. પ્રજાપતિ

સાધનાબેન પરમાર
લાયોનેસ ક્લબ

અમિત ગોંડ
વાઈલ્ડ લાઈફ ફોટોગ્રાફર
મો. ૮૪૦૧૪ ૮૮૫૮૮

નવીનભાઈ વસોયા
સૌરાષ્ટ્ર-કચ્છ સમાજ

સંઘ પ્રદેશમાં ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના "કલામૃતમ્" સમર કેમ્પનો શુભારંભ

કેમ્પ દરમ્યાન બાળકોને સંગીત, નૃત્ય, રંગકલા, નાટ્ય, યોગ, ખેલકૂદ સહિતના વિષયો પર પ્રશિક્ષણ અપાશે

ગાંધીનગર, તા.૦૨

ગુજરાત પાસેના સંઘ પ્રદેશ દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ તેમજ ગાંધીનગર સ્થિત ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના સંયુક્ત પ્રકલ્પે આયોજિત સમર કેમ્પ "કલામૃતમ"નો ગઈકાલે દપાડા સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળા ખાતે શુભારંભ થયો હતો. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવના પ્રશાસક પ્રફુલભાઈ પટેલની પ્રેરણા અને માર્ગદર્શનથી કરવામાં આવ્યું છે. આ સમર કેમ્પમાં તા. ૧ જૂન ૨૦૨૩ થી ૬ જૂન ૨૦૨૩ સુધી બાળકોને જ્ઞાનની સાથે સર્જનાત્મક અભિવ્યક્તિ, ગીત-સંગીત અને નૃત્ય, રંગકલા, નાટ્યકલા, યોગ, ખેલકૂદ સહિતના વિષયો પર પ્રશિક્ષણ આપવામાં આવશે.

સમર કેમ્પના ઉદઘાટન સત્રમાં દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ સંઘ પ્રદેશના શિક્ષણ વિભાગના મદદનીશ શિક્ષણ નિયામક પરીતોષભાઈ શુકલ, માધ્યમિક શિક્ષણ વિભાગના શિક્ષણાધિકારી અનિલભાઈ ભોયા તેમજ પ્રાથમિક શિક્ષણ વિભાગના શિક્ષણાધિકારી જયેશભાઈ ભંડારીની વિશેષ ઉપસ્થિતિ રહી હતી. આ પ્રસંગે પરીતોષભાઈ શુકલએ પોતાના અધ્યક્ષિય ઉદ્બોધનમાં ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના કુલપતિ ડૉ. હર્ષદ પટેલ માટે દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ વતી આભારની લાગણી વ્યક્ત કરી હતી. વધુમાં તેમણે જણાવ્યું હતું કે આ સમર કેમ્પ સંઘપ્રદેશના બાળકોમાં નવી ઊર્જાનો સંચાર કરશે. આ પ્રસંગે ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના સમધારા વિભાગના અધ્યક્ષ ડૉ. પ્રશાંત પટેલે જણાવ્યું હતું કે નિવાસી શિબિર બાળકોના સર્વાંગી વિકાસ અને સર્જનાત્મકતામાં વધારો કરશે. વધુમાં તેઓએ પોતાના વક્તવ્યમાં ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી તથા કલામૃતમ્ સમર કેમ્પની પૃષ્ઠભૂમિકા પણ રજૂ કરી હતી.

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના કુલપતિ ડૉ. હર્ષદ પટેલની પ્રેરણાથી સમધારા વિભાગ દ્વારા તેમજ દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ સંઘપ્રદેશના સંયુક્ત ઉપક્રમે આ સમર કેમ્પનું આયોજન કરવામા આવ્યું છે. આ ઉદઘાટન સત્રનું સંચાલન ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના આસિસ્ટન્ટ પ્રોફેસર ડૉ. ધર્માંશુ વૈદ્યે કર્યું હતું. આ સમર કેમ્પમાં દાદરા અને નગર હવેલીની વિભિન્ન વિદ્યાલયોના ૩૦૦ જેટલા વિદ્યાર્થીઓ ભાગ લઈ રહ્યા છે.

મોદી સરકારના નવ વર્ષ પૂર્ણ થતાં ભાજપનું સંપર્કથી સમર્થન અભિયાન

ગાંધીનગર, તા.૨

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં કેન્દ્ર સરકારના ૯ વર્ષ પૂર્ણ થવાના અવસરે ભારતીય જનતા પાર્ટી દ્વારા "સંપર્ક થી સમર્થન" જનસંપર્ક અભિયાન ચાલી રહ્યું છે. જે અંતર્ગત ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર હિતેશભાઈ મકવાણા એ ગુરુદ્વારા (સેકટર-૩૦)ના પ્રમુખ બલવીરસિંહ રાજપાલ, સંત રોહિદાસ સેવા સમાજ (ગુજરાત) ગાંધીનગરના પ્રમુખ ડાહ્યાભાઈ પરમાર તેમજ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના પ્રાંત સંઘચાલક ડૉ. ભરતભાઈ પટેલની મુલાકાત કરી હતી. આ અવસરે મેયર એ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં કેન્દ્ર સરકારના ૯ વર્ષના જનહિતકારી કાર્યો અને યોજનાઓની માહિતી આપી, વિકાસના કાર્યોની વિસ્તૃત ચર્ચા કરી તેમજ ૯ વર્ષની સાફલ્યગાથાની પુસ્તિકા અર્પણ કરી હતી. ડે.મેયર પ્રેમલસિંહ ગોલે વૈષ્ણવ સમાજના પ્રમુખ ડો.પ્રદીપ ગગલાણી સાથે મુલાકાત કરી હતી. આ મુલાકાત દરમ્યાન ગાંધીનગર ઉત્તરના ધારાસભ્ય રીટાબેન પટેલ, સ્થાનિક કાઉન્સિલર, વોર્ડ પ્રમુખ, મહામંત્રી ઉપસ્થિત રહ્યા હતા.

આરોગ્યવર્ધક ખાટા-મીઠા કરમદાનું આગમન

આ ફળ ઉનાળામાં ૧૫ થી ૨૦ દિવસ જ બજારમાં મળે છે

આજકાલ શહેરના બજારોમાં કરમદા જોરદાર વેચાણ થઈ રહ્યું છે. આદિવાસી વિસ્તારના જંગલોમાં આ ફળ વધારે થાય છે.જેનું આગમન શહેરમાં બજારમાં થઈ ચૂક્યું છે.

આ ફળ ખાવાના ઘણા શારીરિક ફાયદા છે. એટલા માટે તેની માંગ પણ વધારે છે. પરંતુ ખાસ વાત એ છે કે, આ ફળ ઉનાળામાં ૧૫ થી ૨૦ દિવસ જ બજારમાં આવે છે.

આ છોડ પર કાંટા પણ હોય છે.કરમદાંનો છોડ એક ઝાડ જેવો હોય છે. તેની ઊંચાઈ ૬ થી ૭ ફુટ જેટલી હોય છે. પાંદડાંની પાસે કાંટા હોય છે, જે અત્યંત મજબૂત હોય છે. તેનાં ફૂલોની સુગંધ જૂહીના ફૂલની સુગંધ જેવી હોય છે. તેનાં ફળ સહેજ લંબગોળ, નાનાં અને લીલાં રંગનાં હોય છે. પાકેલાં ફળ કાળા રંગનાં હોય છે.કરમદાંનાં પાકાં ફળ સ્વાદમાં મીઠાં અને કાચાં ફળ ખાટાં હોય છે. કરમદાંનાં કાચાં ફળ લીલાં, સફેદ અથવા લાલિમા સહિત અંડાકાર તથા બીજાં રીંગણીયા કે લાલ રંગનાં હોય છે. દેખાવમાં સુંદર તથા કાચાં ફળને કાપવાથી દૂધ નિકળે છે. પાકેલાં ફળનો રંગ કાળો થઈ જાય છે. ફળની અંદર ૪ (ચાર) બીજ નિકળે છે. કરમંડા એક એવું ફળ છે જે પેટને સ્વસ્થ રાખી શકે છે. ગુસબેરીનું સેવન કરવાથી પેટ સ્વસ્થ રહે છે. તેનાથી કબજિયાત, ગેસ અને એસિડિટી વગેરેની સમસ્યાઓથી છુટકારો મળે છે.કરમદાંમાં વ્યાપ્ત દોષોને નમક, મરચાં અને મીઠા પદાર્થ ઉમેરીને દૂર કરી શકાય છે.તે લૂઝ મોશન જેવી સમસ્યાને પણ દૂર કરે છે. તેઓ આંતરડાને સ્વસ્થ રાખે છે. આ સાથે, તે સ્ત્રીઓ માટે પણ ખૂબ જ ફાયદાકારક છે, તે માસિક ધર્મના સમયે આવતી સમસ્યાઓને પણ દૂર કરે છે. આ સાથે, તે નિયમિત મહિલાઓના હોર્મોનલ ફેરફારોને પણ સુધારે છે.

કરમદા કાચા અને પાકેલા બંને રીતે વપરાય છે. જ્યારે સામાન્ય રીતે ઘરોમાં તેમાંથી કાચું, શાકભાજી, ચટણી, મુરબ્બો અને અથાણું બનાવવામાં આવે છે. આ સાથે, તેને પાક્યા પછી સીધું પણ ખાઈ શકાય છે કારણ કે પાક્યા પછી, આ ફળ મીઠું બને છે અને તેનો રસ બનાવીને પી શકાય છે.

સેક્ટર ૪ ખાતે ભવાઈ શેરી નાટક યોજાયું

ગાંધીનગર, તા.૨

સેક્ટર ૪ ખાતે પાનસર ગામના નાયક સમાજના કલાકારો દ્વારા ભવાઈ નાટક રજૂ કરવામાં આવ્યું હતું. બાળકો સહિત તમામ રહેવાસીઓએ ઉત્સુકતાપૂર્વક તેનો આનંદ માણ્યો હતો. અસાઈત ઠાકર દ્વારા શરૂ કરવામાં આવેલ ભવાઈ વેશ પરંપરા આજે પણ ચાલુ છે, જે આનદની વાત છે.

જૂન મહિનાની પુસ્તક પરબ બલરામ મંદિરે યોજાશે

ગાંધીનગર, તા.૨

છેલ્લા નવ વર્ષથી ગાંધીનગરમાં મહિનાના પ્રથમ રવિવારે પુસ્તક પરબ યોજવામાં આવે છે. આ જૂન મહિનાની પુસ્તક પરબ તા. ૪-૬-૨૦૨૩, રવિવારે સવારે ૭.૩૦ થી ૯.૩૦ દરમ્યાન બલરામ મંદિર, સેકટર - ૧૨, ઉમિયા મંદિર પાસે, ગાંધીનગરમાં યોજાશે. પરબની મુલાકાત લેવા સહુ નગરજનોને, પુસ્તકપ્રેમીઓ, વડીલો, વિદ્યાર્થીઓને આત્મન સંસ્થા તરફથી વિનંતી છે. મુલાકાતી બે પુસ્તક અને સામયિક પસંદ કરી વિનામૂલ્યે લઈ જઈ શકશે. આ પુસ્તક પરબ માતૃભાષાના પ્રસાર હેતુ, સારા પુસ્તકોના વાંચનને પ્રોત્સાહન મળે તે હેતુસર માતૃભાષા અભિયાન અંતર્ગત આત્મન ફાઉન્ડેશન દ્વારા યોજવામાં આવે છે. પુસ્તક પરબ માટે શિષ્ટ સાહિત્યના પુસ્તકો ભેટ સ્વરૂપે સ્વીકારવામાં આવે છે. ધાર્મિક, વિવિધ સંપ્રદાયની પુસ્તિકાઓ, ધાર્મિક સામયિકો પરબ માટે સ્વીકારવામાં આવશે નહીં, જેની નોંધ લેવા ખાસ જણાવાયું છે. સાહિત્યિક સામયિકો, એ પણ છેલ્લા એક વર્ષના હશે તો સ્વીકારવામાં આવશે.

૯,૦૦૦ થી વધુ પોસ્ટ મોર્ટમ કરનાર શાંતાબેન પરમારનું લાયન્સ ક્લબ ઓફ ફેમીના દ્વારા સન્માન

ગાંધીનગર, તા.૨

લાયન્સ ક્લબ ઓફ ગાંધીનગર ફેમીના વંચિતો, ગરીબો, જરૂરિયાત મંદો માટે સેવા કરતી સંસ્થા છે.સોલા સિવિલ હોસ્પિટલ ખાતે છેલ્લા ૨૨ વર્ષથી પોસ્ટ મોર્ટમ આસિસ્ટન્ટ તરીકે આશરે ૯,૦૦૦ થી વધુ પોસ્ટ મોર્ટમ કરનાર શાંતાબેન પરમારને લાયન્સ ક્લબ ઓફ ગાંધીનગર ફેમીના દ્વારા બ્રેવરી એવોર્ડ, સર્ટિફિકેટ તથા ગિફ્ટ આપી નવાજવામાં આવ્યા હતાં.

ખૂબ જ આનંદ અને ગૌરવ સાથે એવોર્ડ સ્વીકારતા શાંતાબેન એ જણાવ્યું હતું "હંમેશા મારા પરિવાર નું હું ગૌરવ છું અને રહીશ." આભાર દર્શનમાં પ્રમુખ ડિમ્પલબેન એ જણાવ્યું હતું કે

"શાંતાબેને જે કામ કર્યું છે એ કામ માટે હિંમત અને કઠણ કાળજુ જોઈએ. શાંતાબેન ના સ્વપ્ન પ્રમાણે આજે શાંતાબેનના કાર્યની સુવાસ સમાજમાં ચારે બાજુ મહેકવા લાગી છે. એક નારી જ છે જે વિપરીત સંજોગોમાં પણ આખા કુટુંબને એક કરીને રાખે છે. દરેક સ્ત્રીમાં ભગવાને કોઈને કોઈ શક્તિ આવડત રૂપે આપી છે, એ આવડતને આજે બહાર લાવવાનો સમય પાકી ગયો છે. અને સ્ત્રીઓમાં રહેલી આવડતને સમાજ સુધી પહોંચાડવાનું કામ ફેમીના કરે છે."

પ્રમુખ ડિમ્પલ દેસાઈ સાથે ઝોન ચેરમેન વૈશાલીબેન, સેક્રેટરી જાગૃતિબેન, ટ્રેઝરર ભૂમિબેન, ક્લબ મેમ્બર્સ અને પૂર્વ આર.એમ.ઓ. તરીકે ફરજ બજાવતા ડૉ. દિલીપભાઈ પટેલ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

ગાંધીનગરમાં પ્રથમ વખત બાળકો માટે ફેશન શો યોજાશે

ગાંધીનગર માં પ્રથમ વખત બાળકો માટે ફેશન શો નું આયોજન કરવામાં આવ્યું છે.જેમાં ત્રણ વય ગ્રુપ રાખવામાં આવ્યા છે.૦૫ થી ૦૮ વર્ષ,૦૯ થી ૧૨ વર્ષ, ૧૩ થી ૧૫ વર્ષ. દરેક વય જૂથમાં પ્રથમ વિજેતાને રોકડ પુરસ્કાર, ટ્રોફી, પ્રમાણપત્ર, ગિફ્ટ તેમજ અન્ય કેટેગરીના ઈનામો આપવામાં આવશે. રજિસ્ટ્રેશન કરનાર દરેક બાળકને પ્રમાણપત્ર,ગિફ્ટ આપવામાં આવશે.(રજિસ્ટ્રેશન છેલ્લી તારીખ) ૧૦/૦૬/૨૦૨૩ છે. સંપર્ક માટે ૮૪૦૧૦ ૮૮૬૭૭ નંબર પર ફોન કરવા જણાવ્યું હતું.

કાર્યશીલ નગર સેવિકા છાયાબેન ત્રિવેદીની આગેવાની હેઠળ વોર્ડ નં ૮ સેક્ટર ૫ વસાહત મહાસંઘ દ્વારા વડીલોના જન્મદિવસની સામુહિક ઉજવણી કરવામાં આવી હતી. જેમાં જે વડીલોના જન્મદિવસ હતા તે વડીલોનું સન્માન કરી આશીર્વાદ મોળવ્યા હતા. અત્રે યાદ રહે, ઘર ના ઘરડા નડતર નહી, પણ ઘર ના ઘડતર હોય છે.

ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ.પંડ્યા રંજનબેન નવિનચંદ્ર ઉ.વ.૬૪, ગાંધીનગર
- સ્વ.પટેલ રઈબેન ગાંડાભાઈ ઉ.વ.૭૭, પેથાપુર